# ગુજરાત રાજ્ય પ્રાથમિક શિક્ષણ પસંદગી સમિતિ, ગાંધીનગર

# વિદ્યાસહાયક ભરતી

## ઉમેદવારો માટે ભરતી પ્રક્રિયા દરમ્યાન અનુસરવાની સૂચનાઓ

૧ એનાઉન્સરની સૂચના મુજબ મેરિટ ક્રમમાં લાઈનમાં ઉભા રહો અને સૂચના મુજબ લાઈનમાં અંદર પ્રવેશ મેળવો.

૨ હાજરી ટેબલ ઉપર કોલલેટર બતાવી તમારા નામ સામે હાજરીપત્રકમાં અવશ્ય સહી કરી હાજરી પૂરો.

૩ તમોને આપેલ બાંહેધરીપત્રક અને જિલ્લા પસંદગી વિકલ્પ ફોર્મ સબંધીત કર્મચારીની સુચના અનુસાર ભરો.

૪ તમોને લાગુ પડતા અસલ પ્રમાણપત્રો સબંધીત ટેબલ ઉપર ચકાસણી માટે રજુ કરી ચકાસણી કરાવો. પ્રમાણપત્રો નીચેના ક્રમમાં ગોઠવી તૈયાર રાખવા, જેથી કામગીરી ઝડપી બને.

(૧) જન્મ તારીખ માટે શાળા છોડ્યાનું પ્રમાણપત્ર
(૨) કેટેગરી માટે જાતિનું (SC/ST/SEBC) સક્ષમ અધિકારીનું પ્રમાણપત્ર
(૩) સામાજિક અને શૈક્ષણિક પછાત વર્ગના ઉમેદવારો માટે નોન ક્રિમિલેયર પ્રમાણપત્ર તા.૦૧/૦૪/૨૦૧૫થી તા.૨૬/૧૦/૨૦૧૮ સુધી ઈશ્યુ થયેલ)
(૪) વિકલાંગ ઉમેદવારો માટે સિવિલ સર્જનનું પ્રમાણપત્ર
(૫) માજી સૈનિક માટે સક્ષમ અધિકારીનો નોકરી અંગેનો દાખલો અને જરૂરી પુરાવા.
(૬) TET નું ગુણ પત્રક
(૭) PTC/B.ED. નું ગુણપત્રક, ટ્રાયલ સર્ટી
(૮) સ્નાતકનું ગુણપત્રક, ટ્રાયલ સર્ટી
(૯) અનુસ્નાતકનું ગુણપત્રક, ટ્રાયલ સર્ટી
(૧૦) PTC / B.ED માટે N.C.T.E. / R.C.I. ની માન્યતાનું પ્રમાણપત્ર

#જય યુવા શક્તિ

૫ પ્રમાણપત્રોની ચકાસણી પૂર્ણ થયે તમારા અરજી પત્રક, જિલ્લા પસંદગી વિકલ્પ ફોર્મ અને બાંહેધરી પત્રક સાથે મેરિટના ક્રમમાં કાઉન્સેલરની સુચના મુજબ ડિસ્પ્લે સ્ક્રિન જોઈ, તમારી પસંદગીનો જિલ્લો નક્કી કરી જિલ્લા પસંદગી માટે કમ્પ્યુટર રૂમમાં લાઈનમાં ઉભા રહો.

૬ કમ્પ્યુટર ઉપર તમારી જિલ્લા પસંદગી દર્શાવી, જિલ્લા પસંદગી કરો, જિલ્લા પસંદગી વિકલ્પ ફોર્મમાં પસંદ કરેલ જિલ્લાનું નામ લખી સહીના કોલમમાં સહી કરો.

૭ જિલ્લા પસંદગી પૂર્ણ થશે તમારું અરજીપત્રક, જિલ્લા પસંદગી વિકલ્પ ફોર્મ, સંમતિપત્રક સંબંધિત ટેબલ પર જમા કરાવો.

૮ સંબંધિત કર્મચારી પાસેથી રજીસ્ટરમાં સહી કરી તમારો જિલ્લા પસંદગી હૂકમ અવશ્ય મેળવી લેવો.

૯ ઉપરોક્ત કામગીરી પૂર્ણ થયેલ સૂચવેલ દ્વારથી બહાર જાઓ.

૧૦ તમારો જિલ્લા પસંદગી હૂકમ વાંચી, તમે પસંદ કરેલ જિલ્લામાં દર્શાવેલ તારીખ, સમય અને સ્થળે સ્થળ પસંદગી માટે જવાનું રહેશે.

સમગ્ર કાર્યક્રમ દરમ્યાન આપના સહકારની અપેક્ષા સહ...